અરવલ્લી જીલ્લામાં તસ્કર રાજ

બાયડમાં ૫ બંધ મકાન અને મોડાસાની દેવલસીટીના બંધ મકાનમાં ત્રાટક્યા

બાયડ, તા.૨૭

અરવલ્લી જીલ્લામાં ચોરીની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે જીલ્લામાં બંધ મકાન સલામત ના રહેતું હોવાની ચર્ચા ચાલી રહી છે જીલ્લામાં વારંવાર ઘરફોડ ચોરી અને વાહનચોરી ઘટના બનતા પ્રજાજનોમાં ચિંતા સાથે ફફડાટ ફેલાયો છે જીલ્લા પોલીસતંત્રએ બેકાબુ બનેલ તસ્કર ટોળકી અને ઘરફોડિયા ગેંગ ને ઝડપી પાડવામાં આવે અને નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા પ્રજાજનોમાં પ્રબળ માંગ ઉઠી છે.

બાયડની શારદાકુંજ સોસાયટીમાં બંધ મકાનને નિશાન બનાવી લાખ્ખો રૂપિયાની ચોરી કરી ઘર આગળ પડેલી બાઈક લઈ રફુચક્કર થઈ ગયા હતા શ્રીધર સોસાયટીમાં ૪ બંધ મકાનોના તાળા તોડ્યા હતા ચારેય મકાનોમાં કોઈ રોકડ રકમ કે ચોરી થાય તેવું કઈ ન મળતા તસ્કરોનો ફેરો માથે પડ્યો હતો મોડાસાની દેવલસીટીમાં સંજય ચૌહાણ ના બંધ મકાનમાં તસ્કરોએ ધાડ પાડી હતી પરંતુ કોઈ ચીજવસ્તુ હાથે ન લાગતા તિજોરી સહીત માલસામાન રફેદફે કરી નાસી છૂટ્યા હતા.

બાયડની શારદાકુંજ સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન પસાર કરતા બુધેશ્વરભાઈ ધુળાભાઈ કાપડિયા અને તેમના પત્ની તેમના ઘરે તાળું મારી અમદાવાદ ખાતે રહેતા પુત્ર પાસે કામકાજ અર્થે જતા બંધ મકાનનું તાળું તોડી નકુચો તોડી ઘરમાં પ્રવેશી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી દોઢ લાખથી વધુના મુદ્દામાલની લૂંટ કરી ઘર આગળ પાર્ક કરેલી પેસન પ્લસ બાઈકની લૂંટ ચલાવી રફુચક્કર થતા તેમના પાડોશીએ તેમના ઘરમાં ચોરી થઈ હોવાનું જણાવતા તાબડતોડ અમદાવાદથી બાયડ પહોંચી ઘરમાં લૂંટની ઘટનાના પગલે બાયડ પોલીસને જાણ કરતા બાયડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી કાયદેસરની કાર્યવાહી હાથધરી તસ્કરોને ઝડપી પાડવા તજવીજ હાથધરી હતી.

વિજયનગર ગામમા આવેલા ભુવનેવર મહાદેવ મંદિરમાં શિવલીંગને ગુરુવારે મહિલાઓ અને પુરુષો એ પાણીથી દુબાડીને ભજન કીટન કરી મેઘરાજાને રીજવામા આવ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હેમન્તભાઈ વ્યાસ .અને અવિનાશ વ્યાસ તથા. જીણાભાઈ પટેલ.નિતુંબેન વ્યાસ. કોકીલાબેન પંચાલ, સંતોષભાઈ પંચાલ અને ગામના નાના ભુલકાઓ ભારેજહેમત ઉઠાવી હતી.

અરવલ્લી એલ.સી.બી પી.આઈ અને મોડાસા ટાઉન પી.એસ.આઈ ના નામે તોડ કરનાર વહીવટદાર સલીમ કોણ...? : સોશ્યલ મીડિયામાં વિડીયો વાઈરલ

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે જીલ્લામાં અસલી પોલીસના નામે નકલી પોલીસ બુટલેગરો પાસે તોડ કરતી હોવાની શાહી હજુ સુકાઈ નથી ત્યારે મોડાસા શહેરમાં ચોરીના અને બિલ વગરના મોબાઈલ વેચાણ માટે જાણીતા મોબાઈલ બજારમાં જીલ્લા એલસીબી પી.આઈ.રબારી અને મોડાસા ટાઉન પી.એસ.આઈ બ્રહ્મભટ્ટ ના નામે મોબાઈલની એક દુકાનમાં ૫૦ હજાર રૂપિયાનો તોડ કરવા ગયેલા કહેવાતા પોલીસતંત્રના સલીમ નામના વહીવટદારનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા પોલીસબેડામાં ખળભળાટ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લામાં ખાખી વર્દીમાં રહેલા અધિકારીઓ અને કર્મચારીઓ તોડ પાણી કરતા હોવાની અને બુટલેગરો સાથે ભાઈબંધી કરી લીધી હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે મોડાસામાં બસ સ્ટેન્ડ સામે આવેલ ચોરીના મોબાઈલ લે-વેચ માટે સમગ્ર દેશમાં કુખ્યાત ગણાતા મોબાઈલ બજારમાં ચોરીનો મોબાઈલ વેપારીએ ખરીદતા વેપારી પોલીસતંત્રના હડફેટે ચઢ્યો હતા અને મોડાસા ટાઉન પોલીસ અને એલસીબી પોલીસે થોડા દિવસ અગાઉ ચોરીના મોબાઈલ વેંચતા વેપારીઓ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા શહેરમાં પોલીસતંત્રનો બની બેઠેલો વહીવટદાર કે પછી પોલીસતંત્રની કામગીરી બારીકાઈ થી જાણકારી ધરાવતો સલીમ નામનો શખ્શ વારંવાર મોબાઈલ બજારમાં દુકાન ધરાવતા વેપારીઓને પોલીસ અધિકારીઓના નામે રંજાડતો હોવાથી ચોરીના મોબાઈલ વેંચતા દુકાનદાર પાસે પહોંચી પૈસાની માંગણી કરતા દુકાનમાં હાજર કોઈ શખ્શે વિડીયો ઉતારી સોશ્યલ મીડિયામાં વાઈરલ કરી દેતા ભારે ચકચાર મચી છે.

સોશ્યલ મીડિયામાં વાઈરલ વીડિયોમાં દુકાનદાર સાથે વાતચીત કરતો કહેવાતો પોલીસ વહીવટદાર મોબાઈલમાં રેડ કરવા પહોંચેલા પોલીસ કર્મચારીઓની ઓળખ પણ આપી રહ્યો છે અને એલસીબી પી.આઈ રબારી અને ટાઉન પોલીસ ઈન્ચાર્જ પીએસઆઈ બ્રહ્મભટ્ટ નું ખુલ્લેઆમ નામ લઈ રહ્યો છે અને દુકાનદારને હવે પોલીસતંત્ર તરફથી કોઈ હેરાનગતિ કરવામાં નહિ આવે તેની બાંહેધરી પણ આપી રહ્યો છે અને એક ચોરીના મોબાઈલમાં પોલીસને લાખ રૂપિયાથી વધુનો તોડ કર્યો હોવાનું પણ દુકાનદાર આગળ શેખી મારી રહ્યો છે દુકાનદાર રૂપિયાની સગવડ ન હોવાથી બીજા દિવસે વહીવટદારને આવવાનું કહેતો સાંભળી છે સલીમ નામનો વહીવટદાર અમદાવાદ ખાતે આવેલ પાલડી ભઠ્ઠા ખાતે અને મોડાસાના મેઘરજ રોડ પર હોટલ ધરાવતો હોવાની વાત કરતો સંભળાઈ રહ્યો છે.

સલીમ નામનો વહીવટદાર પોલીસતંત્રનો પહેલા બાતમીદાર હોવાનો અને હાલ પોલીસતંત્રની પ્રતિષ્ઠાને બદનામ કરવાના ઈરાદે નકલી ખેલ પણ ખેલાતો હોવાની ચર્ચા સંભળાઈ રહી છે.

સોશ્યલ મીડિયામાં સલીમ નામના વહીવટદારનો વાઈરલ થતા આ અંગે મોડાસા ટાઉન પીએસઆઈ બ્રહ્મભટ્ટને પુછાતા વિડીયો અંગે કઈ જાણતા ન હોવાનું જણાવી ચુપકીદી સાધી લીધી હતી એલસીબી પીઆઈ રબારીએ ફોન ઉઠાવાની તસ્દી લીધી ન હતી અરવલ્લી જીલ્લા પોલીસબેડામાં ખળભળાટ મચાવતા અસલી કે નકલી વહીવટદાર સામે જીલ્લાવડા મયુર પાટીલે તપાસ કરાવી પોલીસતંત્રના નામે તોડ કરતા વહીવટદાર સલીમ સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવે અને પ્રજાજનો સામે ખુલ્લો પાડવામાં આવેની માંગ પ્રબળ બની છે.

બનાસકાંઠા જિલ્લાના આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણની વ્યાપક સુવિધા

દાંતા અને અમીરગઢ તાલુકામાં ડુંગરાળ વિસ્તારની શાળાઓમાં શિક્ષીત સમાજનું નિર્માણ થઇ રહ્યું છે

પાલનપુર, તા. ૨૭

વિકાસ અને સુશાસન માટે ગુજરાત દેશનાં અન્ય રાજયો માટે આદર્શ અને પ્રેરણાદાયી છે. રાજયભરમાં છેવાડાના વિસ્તારો અને વ્યક્તિઓ સુધી વિકાસયાત્રા સફળતાપૂર્વક પહોંચી શકી છે. શિક્ષણથી જ વિકાસ અને સુખ-સમૃદ્ધિ આવે છે. એ હકીકતને ધ્યાનમાં લઇ સરકારશ્રી દ્વારા ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે વિરાટ કામગીરી કરવામાં આવી છે.

બનાસકાંઠા જીલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકા મહદઅંશે ડુંગરાળ અને આદિજાતિ વસતિ ધરાવે છે. સરકારશ્રી દ્વારા પ્રતિવર્ષ યોજાતા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અભિયાનને આ તાલુકાઓમાં પણ જબરદસ્ત સફળતા મળી છે. આ અભિયાનને લીધે જ વિદ્યાર્થીઓ અને વાલીઓની જાગૃતિમાં નોંધપાત્ર વધારો થતાં સૌ કોઈને શિક્ષણનું મહત્વ સમજાયું છે. આદિજાતિ વાલીઓ કાળજીપૂર્વક પોતાનાં બાળકોને ભણાવી રહ્યાં છે.

પ્રાયોજન વહીવટદારશ્રીની કચેરી પાલનપુર દ્વારા આદિજાતિ વિસ્તારના બાળકોને તેમના જ તાલુકામાં ઉચ્ચ સુવિધા ધરાવતી ૨- એકલવ્ય રેસીડેન્સીયલ સ્કૂલ, ૫- ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ તથા ૨-મોડેલ સ્કુલ એમ કુલ ૯ શાળાઓ કાર્યરત છે. જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ની સ્થિતીએ ૩૨૭૦ વિધાર્થીઓને શિક્ષણની સુવિધા આપવામાં આવી છે.

આદિજાતિ વિકાસની મદદનીશ કમિશનર કચેરી પાલનપુર દ્વારા બનાસકાંઠા જીલ્લામાં ત્રણ આદર્શ નિવાસી શાળા કાર્યરત છે. જેમાં જોરાપુરા-અમીરગઢ અને અંબાજી ખાતે કન્યા આદર્શ નિવાસી શાળા આવેલી છે. જયારે દાંતા ખાતે કુમારો માટે આદર્શ નિવાસી શાળા આવેલી છે. જેમાં જોરાપુરા-અમીરગઢ અને અંબાજીની શાળાઓમાં દિકરીઓની સંખ્યા ૪૦૦ છે.

ઉપરાંત આદિજાતિ વિદ્યાર્થીઓ જે તે શાળા/કોલેજની નજીકમાં રહી અભ્યાસ કરી શકે તે માટે સરકારી તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓ મારફત છાત્રાલયો ચલાવવામાં આવે છે. બનાસકાંઠા જીલ્લામાં કુમાર- ૨ તથા કન્યા-૧ મળી કુલ-૩ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. જયારે ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા ધો. ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ૧૮ છાત્રાલયો જયારે વિદ્યાર્થીનીઓ માટે ૬ મળી કુલ ૨૪ છાત્રાલયો ચલાવવામાં આવે છે. આદિજાતિ વિકાસ ખાતા દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ શૈક્ષણીક ક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે તે હેતુથી રહેવા, જમવા, ભણવાની સુવિધા સાથે આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. જેમાં ગણવેશ, તેલ, સાબુ સહીત તમામ સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને રહેવા, જમવા, નાસ્તા ઉપરાંત ગણવેશ, સ્કુલબેગ, પાઠ્યપુસ્તકો, નોટબુકો સહિતની સ્ટેશનરી, સ્પોર્ટસ યુનિફોર્મ, સેરેમની ડ્રેસ, બુટ અને સ્લીપર વગેરે EMRS, LLGRS શાળાઓમાં પૌષ્ટિક ભોજન, નાસ્તો તેમજ દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધના પાઉચ, સાબુ, શેમ્પુ, બ્રશ-ટુથપેસ્ટ, કાંસકો, બોડી લોશન, સેનેટરી પેડ જેવી સામગ્રી આપવામાં આવે છે. અભ્યાસ સાથે રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. અભ્યાસમાં નબળા બાળકો માટે અલગથી પ્રશિક્ષણ આપવામાં આવે છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મઉ ગામે બ્રહ્મભટ્ટ સમાજ ની બહેનો,માતાઓ દ્વારા " ઢૂંઢીયા દેવ ની પ્રાર્થના તથા વરસાદના ગીતો સાથે આરતી કરવામાં આવી હતી. સાથે સાથે ગામમાં દરેક ઘરે ઘરે જતી બહેનોને ગામલોકોએ પાણી છંટકાવ કરીને વધાવ્યા હતા. ડાહીબેન જશવંત ભાઈ બારોટ ના ઘરે થી શરૂ થયેલ શોભાયાત્રા ગામના પાદરે વાળીનાથ મહાદેવ ના મંદિરે પુર્ણ થઈ હતી.આ કાર્યક્રમ ને સફળ બનાવવા જશવંત ભાઈ, સંજય ભાઈ ,મહેન્દ્ર ભાઈ,દિનેશભાઇ, પ્રશાંતભાઈ.વિગેરે ઉત્સાહભેર જોડાયા હતા.

અરવલ્લી જિલ્લા મંડપ ડેકોરેટર્સ એસોશીયેશનના હોદ્દેદારોની વરણી કરાઈ

મોડાસા, ૨૭

અરવલ્લી જિલ્લા મંડપ ડેકોરેશન એસોશીયેશનની જનરલ મીટીંગ મોડાસાના કુમકુમ પાર્ટી પ્લોટ ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લાના દરેક તાલુકામાં નવું સંગઠન બને અને જિલ્લાનું સંગઠન મજબૂત બને તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તથા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ હતી. જેમાં એસોશીયેશનના પ્રમુખ તરીકે સુરેન્દ્રસિંહ એ.રાઠોડ, ઉપપ્રમુખ દિપકભાઈ વાડીયા, ચીમનભાઈ પટેલ, મંત્રી તરીકે ગૌરવભાઈ શાહ,સહમંત્રી વિપુલભાઈ ત્રિવેદી, ખજાનચી દિલીપભાઈ ભાવસાર, સંગઠનમંત્રી મોસીનભાઈ ભુરા, સહસંગઠનમંત્રી ચેતનભાઈ કોઠારી, સાંસ્કૃતિક કાર્યક્રમના કન્વીનર હેમંતભાઈ પટેલ અને સહ કન્વીનર તરીકે ચેતનભાઈ શાહની વરણી કરવામાં આવી હતી.

મોડાસાના પહાડપુર ગામે ત્રણ પુત્રીઓએ પિતાને કાંધ આપી : દ્રશ્યો જોઈ ગ્રામજનો હીબકે ચઢ્યા

મોડાસા, તા. ૨૭

મોડાસા તાલુકાના પહાડપુર ગામે ત્રણ પુત્રીઓએ પોતાના મૃતક પિતાને કાંધ આપી અને અગ્નિદાહ આપી પુત્ર ધર્મ નિભાવ્યો હતો સાથે સમાજને એક નવું ઉદાહરણ પૂરું પાડ્યું હતું શુક્રવારે સાંજના સુમારે આ ત્રણે દીકરીઓએ રડતી આંખે પોતાના પિતાને અગ્નિદાહ આપી એક પુત્ર ધર્મ નિભાવ્યો હતો દીકરીઓએ અશ્રુભીની આંખે પિતાને અંતિમ વિદાય આપી હતી.

હિન્દુ વિધિ પ્રમાણે જ્યારે પિતાનું મૃત્યુ થાય ત્યારે પરિવારમાં પુત્ર અર્થીને કાંધ આપે છે, પરંતુ મોડાસાના પહાડપુર ગામે ત્રણ પુત્રીઓએ પિતાને કાંધ આપતાં હ્રાદયદ્રાવી દ્રશ્યો સર્જાયા હતા.સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યુરોમાં ડીવાયએસપી તરીકે ફરજબજાવી નિવૃત્ત થયેલા અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા જયંતીભાઈ ભગવાનદાસ પટેલ નું દુઃખદ અવસાન થતાં તેની સગી ૩ દીકરીઓ અને પરિવારજનોએ કાંધ આપી દીકરીઓએ રડતી આંખે પોતાના પિતાને અગ્નિદાહ આપી એક પુત્ર ધર્મ નિભાવ્યો હતો.અને સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું હતું. જે ફૂખમા રમી ભમી મોટા થયાં એ જ પિતાને સ્મશાન વળાવતી વખતે દીકરીઓએ હૃદય પર પથ્થર મુકી અગ્નિસંસ્કાર અને કાંધ આપી હતી. જે દરમિયાન આખા ગામમાં ગમગીનના દ્રશ્યો સર્જાયા હતા.

સુજાતાબેન, મમતાબેન અને રચના બેન પટેલે અશ્રુભીની આંખે જણાવ્યું હતું કે 'અમે ક્યારેય સ્મશાન આવ્યા નથી. પરંતુ એક દીકરાની ભૂમિકા અદા કરવા માટે અમે અમારા પિતાને કાંધ આપીને અગ્નિસંસ્કાર કર્યા છે. અમારા જીવનમાં અમારા પિતાનો સિંહફાળો રહ્યો છે. જેનું ઋણ અમે ક્યારેય ચૂકવી નહીં શકીએ. અમે ત્રણે બહેનો સાસરે છીએ. અમે જે પિતાની છત્રછાંયા ગુમાવી છે તેનો આઘાત વર્ણાવી શકાય તેમ નથી.' પહાડપુર ગામમાં આ પ્રથમ ઘટના બની હતી કે જ્યાં દીકરીઓએ તેના પિતાને સ્મશાન સુધી કાંધ આપી અગ્નિસંસ્કાર કર્યા. ત્યારે આ પરિવારના દુખમાં ભાગીદાર બનવા માટે ગામ લોકો સ્મશાન યાત્રામાં જોડાયા હતા.